# ગાંધીનગરમાં મર્યાદિત કર્મચારીઓની હાજરી સાથે સરકારી કચેરીઓ શરૂ

**અમદાવાદથી ખૂબ જ ઓછા કર્મચારીઓ સચિવાલય-વિધાનસભા આવ્યા : સચિવાલય-વિધાનસભાના માર્ગો અને કચેરીઓમાં સેનેટાઈઝેશન કરાયુ : ૨૭ દિવસ બાદ કચેરીઓમાં ચહલપહલ**







ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરની સરકારી કચેરીઓ સોમવારથી શરૂ થઈ છે. પોઈન્ટની બસો બંધ રહેતા પહેલા દિવસે ખૂબ જ ઓછા કર્મચારીઓ ઓફિસ આવ્યા હતા. કર્મચારીઓની ગેરહાજરી ઉડીને આંખે વળગે તેમ હતી તેમ છતાં ૨૭ દિવસ બાદ સરકારી કચેરીઓમાં સહેજ હલચલ જોવા મળી હતી.

લોકડાઉનના ૨૭ દિવસ બાદ સોમવારે સચિવાલય-વિધાનસભાની તમામ કચેરીઓ શરૂ થઈ હતી. વર્ગ-૧ અને વર્ગ-૨ના ગાંધીનગર રહેતા અધિકારીઓ કચેરીમાં આવ્યા હતા. અમદાવાદના હોટસ્પોટ સિવાયના વિસ્તારોમાંથી પણ ઘણા અધિકારીઓ કચેરીમાં આવ્યા હોવાનું નોંધાયુ હતુ. જોકે વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓ અને રોજમદારોની ગેરહાજરી ઉડીને આંખે વળગે એવી રહી હતી. સરકારે આવશ્યક સેવાઓ સાથે જોડાયેલી કચેરીઓ સિવાયની કચેરીઓ ૨૦મીથી શરૂ કરવાનો આદેશ કરતા નવા-જૂના સચિવાલય અને વિધાનસભાની મોટાભાગની કચેરીઓ શરૂ થઈ ગઈ હતી. કચેરીઓ શરૂ થાય તે પહેલા મોટાભાગની કચેરીઓ અને માર્ગોનુ સેનેટાઈઝેશન કરવામાં આવ્યુ હતુ. નવા સચિવાલયના મુખ્ય ગેટ પાસે આવતા જતા તમામ કર્મચારીઓનું થર્મલ ગનથી ચેકીંગ કરવામાં આવ્યુ હતુ. જયારે કેટલીક કચેરીઓમાં સેનેટાઈઝેશનની વ્યવસ્થા કરવામાં આવી હતી. જો કે તમામ કચેરીઓમાં થર્મલ ગનથી સ્ક્રીનીંગ કરવાની અને સેનેટાઈઝેશનની સુવિધા ઉપલબ્ધ ન હોવાથી કર્મચારીઓમાં થોડોક કચવાટ પણ જોવા મળ્યો હતો. જો કે હાજર થયેલા મોટાભાગના કર્મચારીઓ-અધિકારીઓમાં માસ્ક બાબતે જાગૃતતા જોવા મળી હતી. મોટાભાગના કર્મચારીઓ-અધિકારીઓ માસ્ક સાથે જોવા મળ્યા હતા. કચેરીઓમાં રોસ્ટર પ્રમાણે ૩૩ ટકા હાજરી આગામી ૨ જી મે સુધી ચાલુ રહેશે. ઘણા દિવસો બાદ સરકારી કચેરીઓમાં થોડીક રોનક જોવા મળી હતી.

# હવે, ગાંધીનગર શહેર કોરોના મુક્ત

**ગાંધીનગરના પ્રથમ દર્દી ઉમંગ પટેલને આખરે આજે હોસ્પિટલમાંથી રજા અપાઇ : ગઈકાલે સાંજે તેમના બે પરિવારજનોને રજા અપાઈ હતી જેથી હવે શહેરના કોઈ દર્દીને કોરોના પોઝિટિવ નથી**

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગર શહેરના પ્રથમ કોરોના પોઝિટીવ કેસ આવનાર ઉમંગ પટેલને આજે એક માસ સુધી સતત કોરોના સામે લડીને તેને પરાસ્ત કરી અમદાવાદ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે, ગાંધીનગર મહાનગરપાલીકામાં આજરોજ કોઈ કોરોનાગ્રસ્ત વ્યક્તિ નથી.

ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર શ્રીમતી રીટાબેન કેતનકુમાર પટેલે વધુમાં જણાવ્યું છે કે, ગાંધીનગરના સેકટર-૨૯માં રહેતા ઉમંગ પટેલ તથા તેમના પત્ની પીનલબહેન દુબઈ પ્રવાસ ગયા હતા. તા. ૧૬મી માર્ચના રોજ ગાંધીનગર આવ્યા હતા. ઉમંગભાઈનું તા. ૧૯મી માર્ચના રોજ સેમ્પલ લેવામાં આવ્યું હતું.



જેનો રીપોર્ટમાં કોરોના પોઝિટીવ આવ્યો હતો. તેના કારણે તેના સંપર્કમાં આવેલા તેમના પત્ની પીનલબહેન, દાદી ઈચ્છાબહેન, તેમના પિતા શ્રી જશવંતભાઈ પણ કોરોના પોઝિટવ થવા પામ્યા હતા. આ ફેમિલી ટ્રીનો ચેપ આગળ વધતા ઉમંગભાઈના ફૂવા આશોકભાઈ અને તેમના ફોઈ ચંદ્રિકાબહેન, અશોકભાઈના માતૃશ્રી શારદાબહેન, પુત્ર સ્વપ્રિલ, ઉંમગભાઈના દાદા સાંકળચંદભાઈ, તેમના ભાઈ તીર્થ અને માતા અંજનાબહેન આમ ઉમંગભાઈથી એક જ કુટુંબના કુલ-૧૧ વ્યક્તિ ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં કોરોનાગ્રસ્ત જાહેર કરવામાં આવ્યા હતા. તેઓની સારવાર અમદાવાદ તેમજ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કરવામાં આવી હતી.

બંને સિવિલ હોસ્પિટલની સમયસર સારી સારવારના કારણે ધીમે ધીમે તબક્કાવાર તમામ વ્યક્તિઓ કોરોના નેગેટીવ જાહેર થયા હતા. માત્ર ઉમંગના દાદા શ્રી સાંકળચંદભાઈ મોટી ઉંમર તેમજ શરીરના અન્ય રોગો હોવાને કારણે તેમનું મૃત્યુ થયું હતું. આજરોજ ઉમંગભાઈનો રીપોર્ટ પણ નેગેટીવ આવતાં તેઓને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતેથી રજા આપવામાં આવી હતી. ગાંધીનગર મહાનગર પાલિકામાં આજરોજ કોઈ કોરોનાગ્રસ્ત વ્યક્તિ નથી.

## જિલ્લાના ગ્રામીણ વિસ્તારના બે દર્દીઓ હજુ સારવાર હેઠળ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર જિલ્લાના કોરોના પોઝિટિવના બે દર્દીઓ હજુ સારવાર હેઠળ છે. જેમાં લોદ્રાના ૮૯ વર્ષના વૃદ્ધા ગાંધીનગર સીવીલ હોસ્પિટલ ખાતે તથા રાંચરડાના ૬ વર્ષના બાળકની અમદાવાદ સીવીલ હોસ્પિટલ ખાતે સારવાર ચાલી રહી છે.

# શહેરમાં કચેરીઓ આરંભાતા ચહલપહલ વધી

**વિવિધ સરકારી કચેરીઓના પ્રવેશદ્વારે સેનેટાઇઝીંગ ટનલ કાર્યરત : કર્મચારીઓ ડીસઇન્ફેકટ થાય તેવી વ્યવસ્થા : કર્મચારીઓ માસ્ક સાથે જ જોવા મળ્યા : અધિકારી કર્ચમારીઓના ટેબલ પર સેનેટાઇઝર : સોશિયલ ડીસ્ટન્સીંગનુ પણ પાલન થતુ જોવા મળ્યુ**

ગાંધીનગર તા ૨૦

શહેરમાં આજે અંદાજિત એક મહીનાના અંતે સરકારી કચેરીઓ શરૂ થઈ હતી. લોકડાઉનમાં આંશિક રાહત વચ્ચે સરકારી કચેરીઓમાં કર્મચારીઓએ આજથી કામકાજ શરૂ કર્યુ હતુ. સરકારી કચેરીઓમાં આવતા કર્મચારીઓને પ્રવેશદ્વારે જ ડીસઈન્ફેકટ કરવા માટે સેનેટાઈઝીંગ ટનલ બનાવામાં આવી છે. સે-૧૬ સ્થિત પાટનગર યોજના ભવનમાં પણ આ પ્રકારની ટનલ કાર્યરત કરવામાં આવી છે. તબક્કાવાર વિવિધ કામો હાથ ધરી શકાય તે દિશામાં પણ આયોજન થઈ રહ્યુ છે.

શહેરમાં લોકડાઉનના એક મહીનાના અંતે આજથી આંશિક રાહત વચ્ચે સરકારી કચેરીઓ ચાલુ થઈ હતી. સવારથી નગરના માર્ગો પર વાહનોની થોડી અવરજવર જોવા મળી હતી. પાટનગરમાં અનેકવિધ સરકારી






કચેરીઓ કાર્યરત છે. જયારે મહીના જેટલા લાંબા સમયગાળા બાદ આજે નગરની સરકારી કચેરીઓમાં ખુરશીઓ પર કર્મચારીઓની હાજરી જોવા મળી હતી. લોકડાઉનમાં મર્યાદિત પ્રવૃતિઓ શરૂ કરવાના અભિગમ સાથે આજે રાજય તેમજ કેન્દ્ર સરકારની કચેરીઓ ખુલી ગઈ હતી. કોરોના વાયરસના હાહાકાર વચ્ચે સમગ્ર દુનિયામાં ૨૩ લાખથી વધુ કેસ નોંધાયા છે.

જયારે ભારતમાં પણ કોરોનાના ૧૭ હજારથી વધુ કેસો નોંધાયા છે. ત્યારે ચેપી કોરોનાને આગળ વધતો અટકાવવા માટે પ્રધાનમંત્રી દ્વારા લોકડાઉન ટુ ની જાહેરાત કરવામાં આવી હતી. જેના અંતે હાલ લોકડાઉન યથાવત છે. જો કે આ અન્વયે વિવિધ ચાર ઝોન મુજબ તા ૨૦ એપ્રિલથી આંશિક છુટછાટ આપવાનો પણ નિર્ણય લેવાયો હતો. જે મુજબ આજથી ગાંધીનગરમાં સરકારી કચેરીઓ ચાલુ થઈ ગઈ હતી. એક મહીનાના અંતે અધિકારીઓ કચેરીમાં હાજર

● અનુસંધાન પાન-૭ પર

**લાયઝન અધિકારીઓ આરોગ્યતંત્ર સાથે સંકલનમાં રહી**

# ગ્રામ્ય આરોગ્યની સેવાઓ સઘન બનાવવા સહયોગ આપે



ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોના સંક્રમણ વધે નહિ તે માટે તમામ લાયઝન અધિકારીઓ આરોગ્યતંત્રના કર્મયોગીઓ સાથે સુયોગ્ય સંકલન સાધી અને જન જાગૃતિ કેળવી સહિયારા પુરૂષાર્થ થકી ગ્રામ્ય જન જીવન તંદુરસ્ત બને તે જરૂરી છે.

આજે ગાંધીનગર જિલ્લાના તમામ પ્રા.આ. કેન્દ્રો માટે લાયઝન અધિકારીઓની નિયુક્તી બાદ પ્રથમ બેઠકને સંબોધતાં જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે જણાવ્યુ હતુ કે દરેક ગામમાં દવાનો છંટકાવ થયો છે કે નહિ, લોકડાઉનની અમલવારી કેવી થાય છે, ગરીબોને અપાતી કીટમાં સોશિયલ ડિસ્ટન્ટ જળવાય છે કે નહિ, ગ્રામીણ વિસ્તારમાં લોકોની આવન-જાવનનું રજીસ્ટર નિભાવાય છે કે નહિ તે બાબતોની ચકાસણી કરવાની છે.

ગ્રામીણ વિસ્તારમાં દવાખાનાઓ નિયમિત રીતે ખુલે અને તેમાં સંવેદનાસભર સેવાઓ લોકોને મળી રહે તે પણ આપે મુલાકાતમાં જોવાનુ છે. જિલ્લા વિકાસ અધિકારીએ ટકોર કરતાં જણાવ્યુ હતુ કે બિમાર વ્યક્તિઓને નિયમિત દવા મળે છે કે કેમ તે ખાસ જોવુ. તેમણે ગામની અને આરોગ્ય કેન્દ્રની સ્વચ્છતા અંગે પણ ચકાસણી કરી પોતાના અહેવાલમાં નોંધ કરવાની છે.

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગર જિલ્લાને ૩૦૦ રેપિડ ટેસ્ટીંગ કીટ ફોર કોવિડ ફાળવવામાં આવી

ગાંધીનગર

ગુજરાત મેડિકલ સર્વિસીસ કોર્પોરેશન લીમીટેડ દ્વારા ગાંધીનગર જિલ્લાને ૩૦૦ રેપિડ ટેસ્ટીંગ કીટ ફોર કોવિડ ફાળવવામાં આવી છે.

કોરોના વાયરસ અંતર્ગત હોસ્પિટલની માંગણી અન્વયે તેમજ આગોતરા આયોજનના ભાગરૂપે રેપિડ ટેસ્ટીંગ કીટ ફોર કોવિડના જથ્થાની ફાળવણી કરવામાં આવી છે. જે અંતર્ગત ગાંધીનગર, સાબરકાંઠા, બનાસકાંઠા, અરવલ્લી, પાટણ અને મહેસાણામાં કુલ-૧૨૦૦ રેપિડ ટેસ્ટીંગ કીટ ફોર કોવિડ ફાળવવામાં આવી છે. જેમાં ગાંધીનગરને ૩૦૦, સાબરકાંઠાને ૧૦૦, બનાસકાંઠાને ૨૦૦, અરવલ્લીને ૧૦૦, પાટણને ૩૦૦ અને મહેસાણાને ૨૦૦ રેપિડ ટેસ્ટીંગ કીટ ફોર કોવિડ ફાળવવામાં આવી છે.

## માર્કેટયાર્ડમાં આજે ૨૧૦૦ ક્વીન્ટલથી વધુ ખેતીની જણસોની આવક થઈ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં આજથી આરંભાયેલ માર્કેટયાર્ડોમાં ખેડૂતોને તેમના ઉત્પાદનોના વેચાણ માટે મેસેજ કરીને બોલાવવામાં આવ્યા હતા.

મળતી વિગતો પ્રમાણે આજે માર્કેટયાર્ડોમાં ૨૧૦૦ ક્વીન્ટલથી વધુ ખેતીની વિવિધ જણસોનું વેચાણ થયાના પ્રાથમિક અહેવાલો મળ્યા છે.

જિલ્લામાં માર્કેટયાર્ડોમાં વેચાણ માટે અત્યાર સુધીમાં ૪૦૦ જેટલા ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવ્યુ છે. આજે પ્રથમ દિવસે મેસેજ કરીને કેટલાક ખેડૂતોને આ માટે બોલાવવામાં આવ્યા હતા.

ખરીદ-વેચાણની પ્રવૃત્તિ આગામી દિવસોમાં વધશે તેમ જાણવા મળેલ છે. જો કે હજુ ઘણા બધા વિસ્તારોમાં ઘઉં સહિતના પાકોની કાપણી ચાલી રહી છે સાથે સાથે ઉનાળુ વાવેતરની કામગીરી પણ ચાલી રહી છે.

# આરોગ્ય કેન્દ્રમાં સેવાઓ સંવેદના સાથે થાય તે જરૂરી : ડીડીઓ

ગાંધીનગર, તા. ૨૦

જિલ્લામાં આરોગ્યની સેવાઓ સંવેદના સાથે અપાય તેવો આગ્રહ આજે જિલ્લા વિકાસ અધિકારી રાવલે કર્યો છે.

આરોગ્યના કર્મયોગીઓને આ અંગેની સૂચનાઓ આપતા એક પત્રમાં રાવલે આરોગ્ય કેન્દ્રની સ્વચ્છતા માટે ખાસ સ્કોડ કરી કરી જણાવ્યુ છે કે તમામ કેન્દ્રોમાં રોજેરોજ સેનેટાઈઝેશન થવુ જોઈએ તેમજ આરોગ્યપ્રદ વાતાવરણ સંકુલનું રહે તે ખુબ જરૂરી છે.

તેમણે આ પરિપત્ર સ્વરૂપે લખેલા પત્રમાં જણાવ્યુ છે કે દરેક દર્દી સાથે સંપૂર્ણ માનવીય અભિગમ સાથેનું વલણ દાખવવામાં આવે. આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં કદાચ નિરક્ષરતાને કારણે માસ્ક પહેરી ન આવેલા દર્દીને માસ્ક આપવો અને તેની સારવાર કરવી.

આરોગ્ય કેન્દ્રમાં મેડીકલ વેસ્ટનો પણ યોગ્ય રીતે નિકાલ થાય તેની કાળજી લેવામાં આવે. આ ઉપરાંત આરોગ્ય કેન્દ્ર સાચા અર્થમાં લોકોના વિશ્વાસનું કેન્દ્ર બની રહે તે બાબતને અગ્રતા આપવામાં આવે. જિલ્લા વિકાસ અધિકારીએ તમામ આરોગ્ય કાર્યક્રમોનું સઘન અમલીકરણ થાય તેના પર પણ ભાર મુક્યો છે.

# રાજયના આઠ વરિષ્ઠ અધિકારીઓને મહત્વની જવાબદારી સોંપાઈ

**કોરોના વાયરસને રોકવા આગવી વ્યૂહરચના : ટેસ્ટિંગ, મોનિટરિંગ અને સારવાર વ્યવસ્થાના નિયંત્રણો, એકસુત્રતા દેખરેખ માટેની મોટી જવાબદારી આપી દેવાઈ**



અમદાવાદ, તા. ૨૦

કોરોનાના સંક્રમણ નિયંત્રણ માટે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આગવી વ્યૂહરચના તૈયાર કરી લીધી છે. કોરોનાના વધતા જતાં કેસો વચ્ચે આને નિયંત્રણમાં રાખવા સઘન ટેસ્ટિંગની પ્રક્રિયા હવે હાથ ધરવામાં આવનાર છે. મોનિટરિંગ-સારવાર વ્યવસ્થાના નિયંત્રણ-એકસુત્રતા દેખરેખ માટે આઠ ઉચ્ચ સચિવોને જવાબદારી સોંપવામાં આવી છે. મુખ્ય સચિવો અને મુખ્યમંત્રીના મુખ્ય અગ્રસચિવ સાથેની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. તમામ વરિષ્ઠ સચિવોને તરત જ જવાબદારી લેવા કહેવામાં આવ્યું છે. કૃષિ, શહેરી વિકાસ, પંચાયતના અધિક મુખ્ય સચિવ, શિક્ષણ, આર્થિક બાબતો, મહિલા બાળ કલ્યાણ સચિવો, પ્રવાસ નિગમના એમડી અને આદિજાતિ વિકાસ કમિશનરને તરત જ વધારાની જવાબદારી સોંપવામાં આવી છે. કોરોના માટે આ વ્યૂહરચના અમલી કરાઈ છે. વરિષ્ઠ આઈએએસ અધિકારીઓ તેમને સોંપાયેલી કામગીરી હેઠળ અમદાવાદ, વડોદરા સહિત રાજયના જિલ્લાઓમાં જરૂરી માર્ગદર્શન આપશે.

વિજય રૂપાણીએ ખાસ કરીને નગરપાલિકા/મહાનગરપાલિકા વિસ્તાર સિવાયના વિસ્તારોમાં ઉદ્યોગ એકમો શરૂ થઈ રહ્યા છે ત્યારે ત્યાં પણ સોશિયલ ડેસ્ટીસીંગ નોર્મસ જળવાય એટલું જ નહિ, કામદારો-શ્રમિકો માટે કામકાજના સ્થળે એટલે કે ઉદ્યોગ એકમમાં જ રહેવા જમવા વગેરેની વ્યવસ્થા રહે તેવી જે સૂચનાઓ રાજય સરકારે આપી છે તેનું પાલન થાય તે જોવા જનપ્રતિનિધિઓને તાકીદ કરી હતી. ખાસ કરીને વેરાવળ, શાપર, હડમતાલા, પડાળા અને અલંગના ઉદ્યોગો શરૂ થઈ રહ્યા છે તેમાં આ કાળજી લેવાય તે માટે તેમણે ખાસ ભાર મૂક્યો હતો.

**દુઃખદ્ અવસાન**



અમારા પૂજય પિતાશ્રી
**ઘનશ્યામભાઈ બાલાશંકર વ્યાસ**
**રિટા. એ.જી. ઓફિસ(વઢવાણ) હાલ ગાંધીનગર નું**
તા.૧૯-૪-૨૦૨૦ને રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

**વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને બેસણું તથા લૌકિકક્રિયા રાખેલ નથી**

ભાસ્કરભાઈ ઘનશ્યામભાઈ વ્યાસ — રેખાબેન બી. વ્યાસ
સ્વ.લલિતભાઈ ઘનશ્યામભાઈ વ્યાસ — અલકાબેન એલ. વ્યાસ
હિતેશભાઈ ઘનશ્યામભાઈ વ્યાસ — દિપ્તીબેન એચ. વ્યાસ
મહેશભાઈ પી. પંચોલી — કિર્તીબેન એમ. પંચોલી
કેતનભાઈ એમ. પંચોલી — તથા સમસ્ત વ્યાસ પરિવાર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com